ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર

અને

ડી.એન.પી.આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,ડીસાના

સંયુક્ત ઉપક્રમે

રાજયસ્તરીત પરિસંવાદ

## "ઉત્તર ગુજરાતની લોકકથા : સંપાદન અને સંશોધન"

તારીખ: ૧૫/૨/૨૦૧૩ ને શુક્રવાર

સ્થળ: ડી.એન.પી.આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,ડીસા

## અહેવાલ

ગુજરાત સહિત્ય અકાદમી,ગાંધીનગર અને ડી,એન.પી.આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે તા.૧૫/૨/૨૦૧૩ ને શુક્રવારે એક દિવસીય રાજયસ્તરીત પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું.આ પરિસંવાદનો ઉદ્ઘઘટન કાર્યકમ(બેઠક) કોલેજના ટ્રસ્ટીશ્રી અને સમારંભના પ્રમુખશ્રી પરાગભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને સવારે ૧0:30 કલાકે યોજાવામાં આવ્યો હતો. ઉદ્ઘાટન સમારંભના હેમચંદ્રાચાર્યા ઉત્તર ગુજરાત યુનિવર્સિટિના પૂર્વ ઉપકુલપતિ ડૉ.જે.એચ.પંચોળી એ દીપપ્રાગટ્ય કરી પરિસંવાદને ખુલ્લો મુક્યો હતો.

ઉદ્ઘાટનમાં ગુજરાત સાહિત્ય અકાદમી,ગાંધીનગરના પૂર્વે મહામાત્ર ડૉ.હસુયાક્ષિકે બીજરૂપે વાકત્ય આપ્યું હતું. આ પ્રસંગે જુદી જુદી કોલેજમાંથી પધારેલા સંશોધક અધ્યાયપકો વિષય તાજજ્ઞો,લોકસાહિત્ય રસિકો,કોલેજ સ્ટાફ પરિવાર અને વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

બીજરૂપ વક્તવ્યમાં ડૉ.હસુયક્ષિક ઉત્તર ગુજરાતની લોકકથા સંપાદન અને સંશોધન પર વિસ્તૃત પ્રકાશ પડ્યો હતો.લોક્કથાનું સંપાદન અને સંશોધન કઈ રીતે કરવું જોઈએ આ ક્ષેત્રમાં અત્યાર સુધીમાં કેવા પ્રકારનું કાર્ય થયું છે તેની વિગતે છણાવટ કરી હતી.

D. N. P. Arts & Com. College DEESA

ઉદ્ઘાટન સમારોહ બાદ પ્રથમ બેઠકમાં આમંત્રિત તજજ્ઞોના વ્યાખ્યાન યોજવામાં આવેલ જે નિયત ક્રમમાં નીચે મુજબ યોજયાં હતાં.

| ક્રમ | વિષય | વક્તા | |
|---|---|---|---|
| ૧ | ઉત્તર ગુજરાતની આદિવાસી કથાઓ વહીવાતો | ડૉ.ભગવાનભાઇ પટેલ | (આદિવાસી સંસ્કૃતિ અભ્યાસી,સંશોધક,મમર્સ) |
| ૨ | ઉત્તર ગુજરાતની લોકકથા: સંપાદક પુષ્કરચંદર વાકરનું પુન:મૂલ્યાંકન | ડૉ.પરમ પાઠક | (પ્રોફેસર ગુજરાતી વિભાગ,સરદાર પટેલ યુનિ.વિધાનગર) |
| ૩ | ઉત્તર ગુજરાતની લોકકથાઓ: 'સરસ્વતીને કાંઠે' માં મોતિફ | ડૉ.હર્ષદ શાહ | (પ્રો. આર્ટ્સ કોલેજ, મુનપુર,પંચમહાલ) |
| ૪ | ઉત્તર ગુજરાતની ઐતિહાસિકતા લોકકથાઓનું સર્જન | ડૉ. અમૃત પટેલ | (આચાર્યશ્રી,ડીસા કોલેજ) |
| ૫ | ઉત્તર ગુજરાતની વહીવંચા પરંપરાની લોક્વાર્તાની માંડણી | નિદર્શન રજનિ બારોટ | (વહીવંચા બારોટ,સિદ્ધપુર) |
| | | | |

પાંચે વકતાઓએ વિષયને અનુરૂપ પોતાના વિચારો રજૂ કરી વિષયને સ્પષ્ટ કરવા પ્રયત્નો કર્યો હતો.

ત્યારબાદ દ્રીતીય બેઠકમાં ૪.૧૫ થી ૫.૧૫ દરમ્યાન સંશોધન પેપર વાંચનને ચાર કક્ષામાં વિભાજન કરી પેપર વાંચન થયું હતું.(૧) મેઘાણી કક્ષ (૨) દુલેરાય કારાણી કક્ષ (૩) પુષ્કર ચંદરવાકર કક્ષ અને (૪) ફરમાજી માસ્ટર કક્ષ. આ ચારેય કક્ષમાં તજજ્ઞોના અધ્યક્ષ સ્થાને કુલ ૧૦૨ સંશોધન પેપરનું વાંચન કરવામાં આવ્યું હતું. જેમાં લોકકથા અને સમાજશાસ્ત્ર, લોકકથા અને નુવંશશાસ્ત્ર,

D.N.P. Arts & Com. College DEESA

લોકકથા અને માનસશાસ્ત્ર, લોકકથામાં પ્રકૃતિનિરૂપણ,લોકકથામાં માનવસંવેદના,લોકકથાનું સ્વરૂપ,લોકકથા,સંજ્ઞા સમજ લોકકથાના પ્રકારો,લોકકથાના અભ્યાસની સમસ્યાઓ જેવા વૈવિધ્યસભર વિષયો પર સંશોધક અધ્યાપકોએ સંશોધન પેપરો રજૂ કર્યા હતાં.

આ પરિસંવાદનાં સમાયન કાર્યક્રમ ૫.૩૦ કલાકે યોજવામાં આવ્યો હતો જેમાં અધ્યાપકોએ પરિસંવાદના આયોજન સંબંધી પોતાના અભિપ્રાય રજૂ કર્યા હતાં. ત્યારબાદ પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પરિસંવાદના સફળ આયોજનમાં કોલેજના આચાર્યશ્રી ડૉ.અમૃતભાઇ પટેલ ના સાહિત્ય અકાદમી ગાંધીનગરના મહામાત્ર શ્રી ડૉ.હર્ષદ ત્રિવેદી, કોલેજ નિયામકશ્રી છગનભાઇ પટેલ,કોલેજમાં ગુજરાતી વિભાગના આધ્યાપક અને પરિસંવાદ સંયોજિક પ્રો. વંદનાબેન સિસોદીયા અને પ્રો.આશાબેન ચૌધરીએ મહત્વનું યોગદાન આપ્યું હતું. તેમજ ડૉ.સંકેતભાઈ પારેખ અને પ્રો.કમલેશભાઈ પટેલે પણ પોતાને સોંપવામાં આવેલી તમામ જવાબદારી પૂરી નિષ્ઠાથી નિભાવી હતી.

D. N. P. Arts & Com. College DEESA

Principal
D. N. P. Arts & Commerce College
Deesa - 385535 (Banaskantha)
(North Gujarat)